Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું. વિક્રમ સંવત્ ૧૯૬૧— વૈશાખ. અંક ૧૦ મો.

## પ્રભુસ્તુતિ

### શાર્દૂલ વિક્રીડિત.

જેમાં તત્ત્વ તણો પ્રબોધ સઘલો સત્યાર્થ તે સ્થાપતો,[૧]
જે કદ્વાદી[૨] તણા કુતર્ક સઘલા નિર્મૂલથી કાપતો;
જેને આર્હત પંડિતો નિજ મતે કહે છે અનેકાંતને,[૩]
તે પ્રેમે પ્રણમું જિનેંદ્ર મુખના સ્યાદ્વાદ સિદ્ધાંતને. ૧

## काल चरित.

### હરિગીત.

લક્ષ્મીવતી લલના[૪] સમી પૃથ્વીતણા પટને વિષે,
નિષ્પર્ણ[૫] નિજ કાલેજ સૌ વૃક્ષો પ્રતિ વર્ષે બને;

---

૧ સ્થાપન કરતો. ૨ નઠારા વાદીઓ. ૩ અને કાંત એવા મતને. ૪ સ્ત્રીના સરખી. ૫ પાંદડા રહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુષ્પો ખરે છે; ને નમે નિજ નિજ સમે તારાવલી,[1]
સૌનો સમો વિધિએ[2] ઘડ્યો હે કાલ, પણ તારો નહીં. ૧
સંસારના વ્યાપાર અર્થે દિવસનું નિર્માણ છે,
સંધ્યા સુખદ[3] બહુ મિત્રમંડળ સંગ કેરૂં સ્થાન છે;
નિદ્રાતણા સ્વપ્નો પ્રભુની પ્રાર્થના માટે નિશા,[4]
સર્વ પ્રતાપી કાલ તુજ માટે બધાં એ સર્વદા. ૨
આનંદને સંગીતનો ઉત્કૃષ્ટ ભોજન પ્રીતનો,
જે સમય દુર્ગમદ સમગ્ર તે પણ મલે બહુ રીતનો;
સામર્થ્યથી શોક સમુદ્રનું અભિભવ[5] કરીને એકદા,
અશ્રુ પડાવે નયનથી વશવર્તી[6] છે પણ તુજ બધા. ૩
યૌવન નવિન કે પુષ્પ વિકસિત છો ઉભય બેલામણી,
ઉપહાસ્ય તુજ કરતા રમે આત્મા અમર નિજ નિજ ગણી,
પણ કાલ, તું વિકરાળ છો નહિ લેશ કલેશ કદા સહે,
ચડી ભક્ત તુજનો પક્ષ કે નહિ પક્ષ[7] સુખ મનમાં લહે. ૪
વ્યોમે[8] ફરે વસતા વિહંગો[9] તેય તુજ પાસે પડે,
(જે) જલધિ અગાધ જલે ફરે (તે) જલચર સુધાં તુજને નડે;
વસુધાતણા[10] વિભૂષણ વલી કવલી[11] કર્યા તેં નરવર[12]
મુખ કૃષ્ણને[13] ગતિ કુટિલતા ઘણી છે નમન તુજને સદા. ૫

મોતીચંદ ઓધવજી,
કાપડીઆ.

---

૧ તારાઓની પંક્તિ. ૨ કર્મે. ૩ સુખદાયક. ૪ રાત્રિ. ૫ પરાજય કરીને-હરાવીને. ૬ વશ રહેનારા. ૭ અપક્ષ. ૮ આકાશમાં. ૯ પક્ષીઓ. ૧૦ પૃથ્વી. ૧૧ કોળીઆ કરી ગયો. ૧૨ હે નરવર-સર્વ પુરૂષોમાં શ્રેષ્ઠ એવા કાલ. ૧૩ કાલા મુખનો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જીવતત્વમાં મતિભ્રમ.

સર્વ દર્શન શિરોમણિ જૈન દર્શનનું તત્વ જ્ઞાન ભારતવર્ષમાં સર્વત્ર પ્રશંસાને પામેલું છે. તેમાં તત્વ સંખ્યા નવની છે. કેટલાએક પાંચ, અને સાત તત્વને પણ માને છે. સામાન્ય બુદ્ધિમાં ઉતારવા માટેજ એ મતમાં તત્વ વ્યવસ્થા દર્શાવી છે. વસ્તુતઃ જીવ અને અજીવ એ બેજ તત્વછે. જીવ અને અજીવ તત્વના પેટામાં પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષતત્વ આવી શકે છે આ સર્વમાં પ્રથમ ગણવામાં આવતા જીવ તત્વ વિષે અનેક અન્યમતિઓનો મતિભ્રમ થયેલો જોવામાં આવે છે. જૈન આગમમાં જીવનું સ્વરૂપ યથાર્થ રીતે દર્શાવવામાં આવ્યું છે. જીવનું સ્વરૂપ સમજાવવાને જીવને પાંચ પ્રકારના લક્ષણો આપ્યા છે જેનું વિવેચન યથાર્થ સમજવાથી અન્યમતિઓનો મતિભ્રમ પરાસ્ત થઇ જાય છે. તે પાંચ લક્ષણોનું વિવેચન નિચે પ્રમાણે છે.

**જીવનું પેહેલું લક્ષણ** **૧ જીવ જ્ઞાનાદિ ધર્મથી ભિન્ન અને અભિન્ન** છે—જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, દુઃખ, વીર્ય, ભવ્યત્વ,[૧] અભવ્યત્વ, સત્વ,[૨] પ્રમેયત્વ,[૩] પ્રાણધારિત્વ,[૪] ક્રોધાદિ પરિણત,[૫] સંસારિત્વ,[૬] સિદ્ધત્વ અને પર વસ્તુ વ્યાવૃત્તત્વ[૭] એ પ્રમુખ જે ધર્મ તે જ્ઞાનાદિ ધર્મ અર્થાત્ જીવના સ્વપર્યાય અને પર પર્યાય. તે જ્ઞાનાદિ ધર્મથી જીવ ભિન્ન પણ નથી અને અભિન્ન પણ

૧ ભવ્યપણું. ૨ સત્વ—સાર-બલ. ૩ પ્રમાણ કરવા યોગ્યપણું. ૪ પ્રાણને ધારણ કરવાપણું. ૫ ક્રોધ-ગુસ્સો થવા વિગેરેના પરિણામનું થવાપણું. ૬ સંસારીપણું. ૭ બીજી વસ્તુથી નિવૃત્ત થવાપણું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી. પણ તે ભિન્નાભિન્નછે. જો જ્ઞાનાદિ ધર્મથી જીવ ભિન્ન હોયતો, હું જાણું છું, હું જોઉછું, હું જાણનાર, હું જોનાર, હું સુખી, હું દુઃખી અને હું ભવ્ય–ઇત્યાદિ ભેદ જણાવો ન જોઇએ. અને તે ભેદ તો પ્રાણિમાત્રમાં દેખાય છે. જો જીવ જ્ઞાનાદિ ધર્મથી અભિન્ન હોય તો આ ધર્મી છે. અને આ તેના ધર્મ છે ' એવી ભેદ બુદ્ધિ સંભવે નહીં અથવા જ્ઞાનાદિ સર્વ ધર્મની એકતા થવા જાય કારણ કે, તે ધર્મ એક જીવથી ભિન્ન નથી. જયારે ધર્મની એકતા થાય, તો મારૂં જ્ઞાન, મારૂં જોવું, ઇત્યાદિ પરસ્પર જ્ઞાનના ભેદની પ્રતીતિ ન થાય જે સર્વથા જગતમાં જોવામાં આવે છે. માટે જ્ઞાનાદિ ધર્મથી જીવ ભિન્ન અને અભિન્ન છે.

આ વિશેષણથી જૈન દર્શને જીવનું સ્વરૂપ યથાર્થ સમજાવ્યું છે. તે છતાં વૈશેષિક દર્શનવાલા પોતાના મતિભ્રમથી જીવ વિષે અનેક કુતર્ક કરે છે. તેઓ કહે છે કે,–ધર્મ અને ધર્મીનું અત્યંત ભિન્ન પણું છે. તેઓની વચ્ચે ઘણોજ ભેદ રહેલો છે. બૌદ્ધ લોકો કહે છે કે ધર્મ અને ધર્મીની વચ્ચે અત્યંત અભિન્નતા છે. ક્ષણવાદી બૌદ્ધો બુદ્ધિક્ષણની પરંપરા રૂપ આત્માને ધર્મીરૂપે માને છે. આ તેમનો કેવો મતિભ્રમ. ?

**જીવનું બીજું લક્ષણ** ૨ **જીવ વિવૃતિમાન્ છે**–દેવ, મનુષ્ય તિર્યંચ વિગેરે પર્યાયમાં ભમવાપણું તે વિવૃતિ કહેવાય તે જેને છે તે વિવૃતિમાન્ એટલે જીવ એક ગતિમાંથી બીજી ગતિમાં જઇ શકે છે ભવાંતરગામીપણું એ જીવનું લક્ષણ છે. આ લક્ષણને ચાર્વાક મતવાલા માનતા નથી તેઓ કહે છે કે, આત્મા ભવાંતર ગામી નથી આ તેમનો કેવો મતિભ્રમ ! ન્યાયમતવાલા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તે વિચારથી જુદા પડે છે. તેઓ આત્માને એક નિત્ય અને કૂટસ્થ માને છે. કેટલેક અંશે આત્માનું ભવાંતર ગામીપણું તેઓને સ્વીકારવું પડેછે પણ જીવાત્મા એકજ છે એમ કહી તેઓ પોતાનો મતિભ્રમ પ્રગટ કરે છે.

જીવનું ત્રીજું લક્ષણ — **૩ જીવ શુભાશુભ કર્મ કરનારો છે.** પોતે કરેલા શુભ કર્મનો અને અશુભ કર્મનો તે કર્ત્તા છે. અહિં સાંખ્યમતવાલાનો એવો મતિભ્રમ છે કે, જીવ કદિ પણ કર્ત્તા થઇ શકતો નથી તે સર્વ રીતે અકર્ત્તા છે.

જીવનું ચોથું લક્ષણ — **૪ જીવ કર્મના ફલનો ભોક્તા છે.** જે શુભાશુભ કર્મ કરવામાં આવે તેનું શુભાશુભ ફલ જીવને ભોગવવું પડે છે. ભ્રમિત મતિવાલા સાંખ્ય લોકો જીવને માત્ર લક્ષણા વૃત્તિથીજ ભોક્તા માને છે. અહિં તે લોકોનો મોટો મતિ-ભ્રમ દેખાય છે. આત્મા કર્ત્તા છે કારણકે, સ્વકર્મના ફલનો ભોક્તાછે. જે પોતાના કરેલા કર્મનો ભોક્તા હોય તે કર્ત્તા પણ હોય છે. તે ઉપર ખેડુતનું પૂર્ણ દ્રષ્ટાંત છે. ખેડુત જેવું કામ કરે તેવું તેને ફલ મળેછે. સાંખ્યમતવાલા જે પુરુષને કલ્પે છે, તે વસ્તુતાએ રહેશેજ નહીં કારણ કે, કર્ત્તા નથી તે તો આકાશના પુષ્પની જેમ ઠરશે. તેઓ આત્માને કર્ત્તા માનતા નથી લક્ષણા વૃત્તિથી ભોકતા માને છે એ કેવો મતિભ્રમ ? જયારે આત્મા ભોકતા છે ત્યારે તે ભોકતા પણાની ક્રિયા કરે છે કે નથી કરતો ? જો કરે છે તો પછી ભોક્તા પણાની ક્રિયા શિવાય બીજી ક્રિયાઓ કેમ ન કરે ? જો ક્રિયા ન કરતો હોય તો ભોકતા પણાની ક્રિયા પણ ન કરે જયારે ક્રિયા ન કરે તો પછી ભોક્તા પણ નથી. કદિ તેઓ દુરાગ્રહથી અકર્ત્તા અને અભોક્તા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ સ્વીકારે તો **કૃતનાશ** અને **અકૃતાભ્યાગમ** નામે બે દોષ પ્રાપ્ત થાય. કર્મ કરે છતાં તેના ફલને પામે નહીં એ **કૃતનાશ** દોષ કહેવાય અને કર્મ કરે નહી તે છતાં તેને ફલની પ્રાપ્તિ થાય તે **અકૃતાભ્યાગમ** નામે દોષ કહેવાય છે માટે આત્માનું કર્તા પણું સ્વીકારવું જોઈએ સાંખ્યમતના આચાર્યનો તેમાં પૂરેપૂરો મતિભ્રમ દેખાઈ આવે છે.

જીવનું પાંચમું લક્ષણ. **પ જીવ ચૈતન્ય લક્ષણ છે.** ચૈતન્ય એટલે સાકાર નિરાકાર ઉપયોગાત્મક ચેતન ધર્મ--તે જેનું લક્ષણ એટલે સ્વરૂપછે તે જીવ કહેવાય છે. જીવમાં જડપણાનું સ્વરૂપ ઘટતું નથી. કારણ કે, તેને બાધ કરનારૂં અનુમાન છે. જે અચેતન હોય તે અનુપયોગ સ્વભાવવાળો હોય, તે આકાશની પેડે અર્થ પરિચ્છેદ કરી શકતો નથી. તેથી આત્મા—જીવમાં અર્થ પરિચ્છેદક પણું સ્વીકારવું જોઈએ અને તે સાથે જીવનું ચૈતન્ય લક્ષણ સિદ્ધ થાય છે. અત્ર નૈયાયિકો આત્માને જડ સ્વરૂપ માનવાનો પ્રયત્ન કરે છે, તે કેવો મતિભ્રમ ?

આ પ્રમાણે પાંચ લક્ષણને દર્શાવનારા પાંચ વિશેષણોથી જીવનું શુદ્ધ સ્વરૂપ જૈન દર્શન સિદ્ધ કરી બતાવે છે, તે છતાં બીજા અન્ય મતિઓ પોતાનો કેવો મતિભ્રમ દર્શાવે છે ? તે જોવાનું છે.

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

( અનુસંધાન ગત અંકના પૃષ્ટ ૧૮૯ થી શરૂ.)

શ્રી વિમલચંદ્ર સૂરિ પ્રતિક્રમણાદિ નિત્યક્રિયા કરી શાંત ચિત્તે બેઠા બેઠા અધ્યાત્મ ચિંતવન કરતા હતા. તેમના પવિત્ર હૃદયમાં સદ્‌ભાવનાનું મનન પ્રવર્ત્તતું હતું. ક્ષણમાં પોતાના જીજ્ઞાસુ શિષ્યોના પ્રશ્ન વિષે વિચાર આવતો હતો. શિષ્યોની શંકાનું સમાધાન કરવામાં જે કાંઇ વ્યાખ્યાન થતું, તેને તેઓ પોતાના પવિત્ર સ્વાધ્યાય માનતા હતા. આ વખતે ઉપાશ્રયના એક ભાગમાં સર્વ જિજ્ઞાસુ શિષ્યો એકત્ર થઇ વિચાર કરતા હતા કે, આજે કયા વિષયમાં પ્રશ્ન કરવા? વિવિધ મતિના વિલાસને પ્રગટ કરનારા શિષ્યોએ પ્રથમથીજ નિશ્ચય કર્યો કે, જેના હૃદયમાં જે પ્રશ્ન સ્ફુરી આવે, તે વિષે સર્વની સંમતિ મેલવી ગુરૂ સમીપ પ્રશ્ન કરવા. કુશાગ્રબુદ્ધિવાલા એક મુનિએ ઉત્કંઠાથી જણાવ્યું કે, જગતમાં દાન શબ્દનો અર્થ પ્રસિદ્ધ રીતે દેવું એવો થાય છે. પાત્રદાન, કીર્તિદાન, અને દયાદાન વિગેરે તેના જુદા જુદા ભેદ દર્શાવ્યા છે. ઉત્તમદાન કેવું હોય તે આપણે જાણવું જોઈએ. તે મુનિના આવા પ્રશ્નને સર્વ તરફથી અનુમોદન આપવામાં આવ્યું.

બીજા એક વિદ્વાન્ અને અભ્યાસી મુનિએ વિનયથી જણાવ્યું કે, આ સંસારમાં વ્યવહાર પક્ષે અને ધર્મ પક્ષે મિત્ર ના લક્ષણ કહેલા છે. બાલ્યવયથી સાથેક્રીડા કરનાર અને હંમેશનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહવાસી હોય તે મિત્ર ગણાય છે. મિત્રમાં હિત કરવાની બુદ્ધિ સર્વદા હોવી જોઇએ. ખરેખરો મિત્ર કોનું નામ? ગૃહસ્થ અને મુનિને કેવો કેવો મિત્ર હોઈ શકે? ઇત્યાદી શંકાઓના સમાધાન માટે એ પ્રશ્ન કરવાની જરૂર છે. જો આપ સર્વની સંમતિ હોય તો તે પ્રશ્ન ગુરૂની આગળ મુકીએ. સર્વ શિષ્યોએ તેને એકી અવાજે અભિનંદન આપ્યું.

ત્રીજા ચતુર અનગારે વિનયથી જણાવ્યું કે, અલંકાર દ્રવ્યથી અને ભાવથી હોવા જોઇએ. દ્રવ્ય અલંકાર તો સર્વત્ર પ્રસિદ્ધ છે, પણ ભાવ અલંકાર કયો હશે? સર્વ સદ્‌ગુણો ભાવ અલંકાર કહેવાય છે, પણ સર્વથી ઉત્તમ એવો ભાવ અલંકાર કયો કહેવાય! તે આપણે ગુરૂ પાસેથી જાણી લઈએ. મને આશા છે કે, આપ સર્વે ધર્મ મિત્રો તેમા સંમત થશો. સર્વ વિદ્વાન્ મુનિ મંડલે આનંદ પૂર્વક તેમાં સંમતિ આપી.

ચોથા સદ્‌બોધવાન્ મુનિએ સ્મિતવદને જણાવ્યું કે, વાણીનું મંડન શું હશે? વાણીમાંથી અનેક શબ્દજાલ નીકલ્યા કરેછે, તેમાં વાણીને દીપાવનાર કયો શબ્દ હશે? તે આપણે જાણવું જોઈએ સર્વેમલીને તે પ્રશ્ન કરવામાં પણ અનુમોદન આપ્યું. પછી સર્વ શિષ્યો એકત્ર થઇ પોતાના પ્રભાવિક ગુરૂની પાસે આવ્યા, અંજલિજોડી આ પ્રમાણે પ્રથમ પ્રશ્ન નિવેદન કર્યો. " किंदानम् " "દાન એટલે શું? વિદ્વાન્ ગુરૂએ ક્ષણવાર વિચારીને કહ્યું "अनाकांक्षं" ', જેમાં કોઈ જાતની આકાંક્ષા ન હોય તે." તે સાંભલી શિષ્યો આશ્ચર્ય સાથે આનંદ પામી ગયા. પછી બીજો પ્રશ્ન કર્યો. " किंमित्रम्" " મિત્ર કોણ?" ગુરૂએ તરતજ ઉત્તર આપ્યો. " यन्निवर्त्तयाति

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पापात्" "જે પાપમાંથી નિવૃત કરે–પાપ કરતાં અટકાવે તે ખરેખરો મિત્ર." આ ઊત્તર સાંભળી શિષ્યોના હૃદયમાં સાનંદ ચમત્કાર થઇ ગયો. પછી તત્કાલ ત્રીજો પ્રશ્ન કર્યો- "कोऽलंकार:" "અલંકાર કયો?" ગુરૂશ્રીએ કહ્યું, "शीलम्" "શીલ એ ખરો અલંકાર છે." આ સાંભળી શિષ્યો અતિઆનંદ પામી ગયા. તરતજ ચોથો પ્રશ્ન કર્યો– "किंवाचांमंडनम्" વાણીનું આભૂષણ શું?" સૂરિવર્ય બોલ્યા "सत्यम्" "વાણીનું આભૂષણ સત્ય છે આ ઊત્તર સાંભળી સર્વ શિષ્યોના હૃદયમાં હર્ષનો ઊલ્લાસ પ્રાપ્ત થયો.

ઊપરના ચાર પ્રશ્નોનું વિવેચન કરતાં ગુરૂશ્રીએ જણાવ્યું કે શિષ્યો, સર્વે પ્રકારના દાનમાં જે દાન આકાંક્ષા રહિત હોય તે ઊત્તમ દાનછે. પાત્રદાન, કીર્ત્તિદાન અને દયાદાન—એ ત્રણ પ્રકારના દાન છે, તેમાં પાત્રદાન સર્વોત્તમ છે, તથાપિ જો તે આકાંક્ષા વગરનું હોય તોજ ખરૂં દાન કહેવાયછે. સત્પાત્રને દાન આપનાર માણસ પાછો કાંઇ પણ તેનો બદલો લેવાની આકાંક્ષા રાખે તો તે અધમદાન છે. જે દાન કરવું તેમાં તે દાનની કે તેનો બદલો લેવાની આકાંક્ષા ન રાખવી જોઇએ. તેવી આકાંક્ષા રાખવાથી કરેલું દાન વ્યર્થ થાયછે. તેથીજ કહેવામાં આવ્યું છે કે, "જે આકાંક્ષા રહિત હોય તેજ ખરેખરૂં દાન છે. આકાંક્ષા સહિત દાન તે ખરૂં દાન નથી.

પ્રિયશિષ્યો—બીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે "જે પાપથી અટકાવે તે ખરેખરો મિત્ર છે. આ પ્રશ્નોત્તર સર્વને ખરેખરો મનન કરવા યોગ્ય છે. ઘણી પ્રકારના મિત્રો કહેલા છે. પણ તેમાં ખરો મિત્ર કોણ ? તે અવશ્ય જાણવું જોઇએ જે પોતાના સ્વાર્થને સાધુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારા, પાપકર્મમાં પ્રેરનારા અને કુમાર્ગે દોરનારા મિત્રો છે તે મિત્રો નથી પણ શત્રુઓ છે. તેવા મિત્રો અમિત્રના જેવુંજ કાર્ય કરનારા છે. માટે જે પાપ કરતાં અટકાવે તેજ ખરેખરો મિત્ર છે. તેવો મિત્ર ધર્મ પરાયણ મુનિ અથવા આપ્તજન છે. તેવા મિત્રથી માનવજીવન ઊન્નતિમાં આવે છે. તે શિવાયના મિત્રો તે મિત્રો નથી પણ સ્વાર્થ-સાધનારા ખુશામતિઆ છે. પાપકર્મમાંથી નિવૃત્ત કરી સન્માર્ગે દોર-નારા મિત્રો ખરેખરા હિત કારક છે. ધાર્મિક પુરૂષોએ તેવાજ મિત્રો કરવા અને પોતાનુ સર્વ જીવન તેવા મિત્રોના સહવાસમાં રહી નિર્ગમન કરવું, ગૃહસ્થ અને યતિએ તેવા મિત્રો સંપાદન કરવા પ્રયત્ન કરવો.

ત્રીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, " ખરેખરો અલંકાર શીલ છે. પ્રિયશિષ્યો, શીલનું દિવ્ય માહાત્મ્ય તમારા જાણવામાં હશે એટલે તે વિષે વિશેષ વિવેચન કરવાની જરૂર નથી. સંક્ષેપમાં એટલુંજ કહેવાનું કે, આત્માનાં સર્વ ગુણોમાં શીલગુણ એ સર્વો-ત્તમ છે. તે શીલવાન્‌ના શરીરનો બાહ્ય અને આંતર અલંકાર છે. સુવર્ણ, રત્ન અને મણિના જડાત્મક અલંકારથી શીલાલંકાર ઘણોજ ચડીઆતો છે. તે આત્માને શોભાવનાર ભાવાત્મક દિવ્ય અલંકાર છે. શીલરૂપ અલંકારથી અલંકૃત થયેલા મનુષ્યો દિવ્ય પૂજા અને માનના અધિકારી થાય છે શીલગુણની શોભા તેના ધારકને દિવ્ય-તાવડે દીપાવે છે. શીલના પ્રભાવની આગલ બીજા પ્રભાવો નિસ્તેજ છે. શીલવાન્ પુરૂષો અને શીલવતી સ્ત્રીઓએ સર્વમાં પવિત્ર પદવી સંપાદન કરી છે. જૈનશાસનની શોભા શીલથીજ પ્રકાશિત છે. આર્હત ધર્મ રૂપ વિશાલ મંડપને ખરો પ્રકાશ આપનાર શીલ રૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીપક છે. જૈનશાસનમાં પદે પદે શીલ ગુણનું માહાત્મ્ય પ્રગટ છે. તેથી ખરેખરો અલંકાર શીલજ છે.

ચોથા પ્રશ્નના ઉત્તરમાં કહેવામાં આવ્યું કે, "સત્ય વાણીનું મંડન છે." મુનિઓ, તે વિષે તમે સારી રીતે જાણોછો. જે વાણી અલંકારથી શબ્દ માધુર્યથી અને અર્થના ગાંભીર્યથી યુક્ત હોય પણ તેમાં જો સત્ય ન હોય તો તે વાણી શા કામની? મિથ્યાત્વીના ગ્રંથો અનેક શબ્દ રચનાથી, પાંડિત્યથી અને વાક્ચાતુર્યથી યુક્ત હોય છે પણ તેમાં સત્ય ન હોવાથી આર્હતવાણીના ઉપાસકોને તે અદર્શનીય છે. પવિત્ર અને શ્રદ્ધાલુ શ્રાવક કે સાધુ તેવા સત્ય રહિત ગ્રંથોના શ્રવણથી દૂર રહે છે. પોતાના શુદ્ધ સમ્યક્ત્વ અને ચારિત્ર રત્નને મલિન થવાના ભયથી તેઓ તેવા ગ્રંથનો સ્પર્શ પણ કરતા નથી તેથી વાણીનું ખરેખરૂં મંડન સત્યજ છે.

સૂરિશ્રીએ કરેલા આ સંક્ષિપ્ત વિવેચનથી તેમના પવિત્ર શિષ્યો ઘણોજ હર્ષ પામ્યા. તેમના જ્ઞાની અને નિર્મલ હૃદયમાં થયેલાં આ ગુરૂ વચન રૂપ અમૃતનાં સિંચનથી તેઓને દિવ્ય આનંદનો અનુભવ થયો એ ચાર પ્રશ્નોત્તર સર્વદા સ્મરણમાં રાખવાને તેની સદ્બોધક ગાથા નીચે પ્રમાણે કંઠસ્થ કરી લીધી—

किंदानमनाकांक्षं किं मित्रं यन्निवर्त्तयति पापात् ।
कोऽलंकारः शीलं किं वाचां मंडनं सत्यम् ॥ १४ ॥

શિષ્ય—દાન કયું ?

ગુરૂ—જેમાં આકાંક્ષા ન હોય તે.

શિષ્ય—મિત્ર કોણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ—જે પાપ કરતાં અટકાવે તે.

શિષ્ય—અલંકાર કયો ?

ગુરૂ—શીલ.

શિષ્ય—વાણીનું આભૂષણ શું ?

ગુરૂ—સત્ય.

# કચ્છ મહોદય.

અથવા.

## મુનિવિહારનો મહિમા.

સંસ્કૃતમાં જેને અનુપ દેશ કહે છે, તે બરાબર કચ્છ દેશ કહેવાય છે. જ્યારે ચારે તરફ જલપ્રદેશ અથવા રણ આવેલ હોય તે અનુપ દેશ કહેવાય છે. આવા દેશમાં યાત્રા કરવામાં કચ્છ એટલે કષ્ટ પડે તે ઉપરથી તેનું કચ્છ નામ પડ્યું હોય તેમ લાગે છે. કચ્છ દેશ ભારતવર્ષના દેશોની ગણત્રીમાં છે પણ અરબી સમુદ્ર કચ્છનો અખાત અને રણને લીધે જુદો દેશ થઈ પડયો છે. તથાપિ કચ્છ દેશનો સંબંધ સૌરાષ્ટ્ર દેશની સાથે જોવામાં આવે છે. ઇતિહાસના લેખકોએ અનેક તર્કવિતર્ક કરી એ દેશ વિષે જુદું જુદું લખેલું છે. તથાપિ એટલું તો સિદ્ધ થાયછે કે, એ દેશ સૌરાષ્ટ્રથી જુદો છે. તે દેશની ભાષા, વેષ અને જનવ્યવહારની રીતિ સૌરાષ્ટ્રીય લોકોથી ઘણીજ જુદી પડેછે. તથાપિ જ્યારથી આંગ્લ ભૌમ આધિપત્યની વૃદ્ધિ થઇ ત્યારથી એ દેશમાં કેલવણીનો પ્રચાર ગુજરાતી ભાષામાં દાખલ થયો છે, તેથી કચ્છી લોકોની ગ્રહભાષા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખભાષા જુદી જુદી થઈ જાય છે. કચ્છ દેશમાં યદુવંશીય ક્ષત્રિયોનું રાજ્ય ચાલે છે. તેઓ જાડેજાની જાતિથી ઓલખાય છે. તેની શાખાઓ સૌરાષ્ટ્ર દેશમાં પણ રહેલી છે. જે ઉપરથી પોરબંદરના કચ્છના ક્ષત્રિયો કહેવાય છે.

આ કચ્છ દેશમાં કેટલેક સ્થલે જૈન દેવાલયો આવેલાછે. જેઓ તીર્થ તરીકે લેખાયછે. પૂર્વે આ દેશમાં આર્હત શાસનની ઊન્નતિ થયેલી હશે અને વિદ્વાન્ મુનિઓ આ સ્થલે વિચરતા હશે—એમ અનુમાન થાયછે. કાલના પ્રભાવ વડે અત્યારે એ દેશની સ્થિતિ વિચિત્ર થઈ પડીછે. શુદ્ધ શ્રાવક કુલના આચાર વિચારમાં ઘણોજ વ્યત્યય થઇ ગયોછે. ત્યાં વસતા શ્રાવકોની સાંસારિક સ્થિતિ શ્રાવકાભાસ જેવી બની ગઇછે આ બધાનું કારણ જૈન મુનિઓના વિહારના અભાવજ છે. ઊત્તમ ક્ષેત્રમાં ધાર્મિક ઊન્નતિ જાગ્રત રાખવી હોય, તીર્થનો પવિત્ર પ્રભાવ વધારવો હોય અને શાસનની શોભા દીપાવવી હોય તો વિદ્વાન્ મુનિઓએ તે ક્ષેત્રમાં વિચરવું જોઇએ. ભાગ્યયોગે કચ્છ દેશ જુદો પડી ગયો છે. કચ્છી પ્રજાનો ઘણો ભાગ સ્વદેશ છોડી બાહેર રહેવા લાગ્યો, તેથી કચ્છ દેશે પોતાની પૂર્વની ધાર્મિક ઊન્નતિ ગુમાવી દીધી.

'આવા તિર્થરૂપ ઉત્તમ ક્ષેત્રની ધાર્મિક પડતી ન થાય તો ઠીક' એવું ધારી સ્વર્ગસ્થ શ્રીમદ્વિજયાનંદ સૂરીશ્વર (આત્મારામજી)ના પ્રશિષ્ય મુનિમહારાજ શ્રી હંસવિજયજી મહારાજે તે ક્ષેત્રમાં વિહાર કર્યો છે. પોતાની સાથે પન્યાસ શ્રી સંપદ્વિજયજી ગણી અને બીજા બે સાધુઓ રહેલા છે. એ મહોપકારી મુનિરાજ તેવા ક્ષેત્રોને ધાર્મિક ઉન્નતિમાં લાવવાની ઘણી ખંત ધરાવે છે. પંજાબ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ના અને પૂર્વ દેશના અવ્યવસ્થિત થઇ ગયેલા કેટલા એક ક્ષેત્રોમાં તેઓએ ધર્મનો મહાન્ ઉદય પ્રવર્તાવ્યો હતો.

કચ્છ દેશમાં પ્રવેશ કરવાને જુદા જુદા માર્ગ છે. સમુદ્રમાર્ગે મોરબીના નવલખી બંદરેથી, ખારી, રોહર અથવા જામનગરથી તૂણી બંદરે અને મુંબઈથી માંડવી ઉતરાય છે. પગ રસ્તે પ્રયાણ કરનારને રણ ઓલંઘવું પડે છે. રણના જુદા જુદા લાંબા અને ટુંકા રસ્તાઓ છે. તે મુનિરાજે ધ્રાંગધ્રા તાબાના રણનીટીકરીથી કચ્છમાં પ્રવેશ કર્યો છે. કચ્છી જૈન પ્રજાના ધાર્મિક ઉદય માટે એ ઉપકારી મુનિરાજે અનેક પરીષહ સહન કર્યા છે.

કચ્છમાં વસતી જૈન પ્રજા જુદી જુદી જાતની છે. ત્યાં વાગડ ભાગમાં વીશાશ્રીમાલીની વસ્તી વધારે છે. દશાશ્રીમાલી કોઇ કોઈ ઠેકાણે દેખાય છે. અબડાસામાં દશા ઓસવાળ અને કાંઠીમાં વીશા ઓસવાલની વસ્તી વિશેષ છે. તે શિવાય બીજી જાત જોવામાં આવતી નથી. વાગડમાં રાપર ગામમાં વીશા પોરવાડનું એકજ ઘર છે, તે શિવાય આખા કચ્છમાં તે જાતિનું બીજું ઘર નથી. તેની સાથે વીશાશ્રીમાળીઓએ કન્યા વ્યવહાર શરૂ કરેલો છે. આ દેશના જૈન બંધુઓની સાંસારિક સ્થિતિનું સ્વરૂપ બે પ્રકારે દેખાય છે. વિદેશમાં જનારા જૈનો સારી સ્થિતિ ભોગવે છે અને સ્વદેશમાં રહેનારા જૈનો નઠારી સ્થિતિ ભોગવે છે. અંજાર, મુદ્રા, માંડવી, ભુજ અને અબડાસા તરફના જૈન ગૃહસ્થો વિદેશમાં વેપાર કરી પુષ્કળ ધન મેળવી ધનાઢ્ય થયેલા દેખાય છે. વાગડ તરફના જૈન ગૃહસ્થો પરદેશ જવાનું પસંદ ન કરવાથી ઘણે ભાગે નઠારી સ્થિતિ ભોગવે છે. મુદ્રા તાલુકાના તથા જખાઉ તાલુકાના વીશા ઓશવાલો ખેતીનો ધંધો કરે છે. કૃષિના

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિંસામય ધંધાથી તેઓમાં જરાપણ શ્રાવકપણું દેખાતું નથી. તેઓ શુદ્ર પ્રાય થઈ ગયા છે. તથાપિ તેમનામાં બીજા એવા ગુણો છે કે જે ગુણો આપણાં દેશના કેટલાએક (આડંબરી) શ્રાવકોમાં બીલકુલ જોવામાં આવતા નથી. તેઓ ભદ્રિક સ્વભાવના, ગુરૂ ભક્તિથી અંકિત અને સાધર્મિ બંધુઓની સેવા કરવામાં અંતઃકરણ પૂર્વક વિશેષ ઊજમાલ દેખાય છે. ઓશવાલ જેવા ઊંચા કુલના શ્રાવકો ખંભે કોદાળા પાવડા લઈ ફરતા જોઈ આપણા ઉપકારી મુનિરાજને અસંતોષ થયો છે અને તેઓ કૃષિ (હિંસાત્મક આજીવિકા)માંથી મુક્ત થવાનો તેમને ઉપદેશ આપે છે, તે સાથે જણાવે છે કે, શ્રીમંતોએ આવી સ્થિતિના શ્રાવકોનો ઉદ્ધાર કરવો જોઈએ. સ્વધર્મમાંથી સાધન વિના ભ્રષ્ટ થતાંને શ્રાવકો કરવાથી સાધર્મિવાત્સલ્યનું સંપૂર્ણ ફલ મળે છે. કચ્છમાં વ્યવહારિક કેલવણીની યોજનાઓ રાજ્ય તરફથી કરવામાં આવેલી છે, છતાં કચ્છી પ્રજા કેલવણીમાં ઘણીજ પછાત છે, ધાર્મિક કેલવણીથી તો તેઓ તદન વિમુખ છે. જૈન શાલાઓ અને જૈન પુસ્તકાલયોની યોજના બીલકુલ નથી એમ કહીએ તોપણ ચાલે તેમ છે, કોઈ સ્થલે સામાન્ય જૈન શાલા દ્રષ્ટિએ પડે છે. પણ તેમાં જોઈએ તેવો શિક્ષક હોતો નથી. જૈન સંબંધી પેપર કે માસિક ત્યાં જવલેજ દેખવામાં આવે છે. વિદ્યાવિલાસને અભાવે કચ્છીઓમાં વાંચન રૂચિ ઘણીજ ઓછી છે.

બીજા દેશની જેમ અહિં પણ જૈનોમાં બે પક્ષ છે. મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક. મૂર્તિપૂજક જૈનો શ્વેતાંબરી અથવા દેરાવાસીના નામથી ઓલખાય છે અને બીજા સ્થાનકવાસી ( ઢુંઢિઆ ) ના નામથી ઓલખાય છે. અહિં વિશેષ ખેદ થવાની વાત એટલી છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. કેટલાએક મૂર્તિપૂજક શ્વેતાંબરી જૈનો પણ મૂર્તિપૂજા કરતાં નથી તેઓના આચાર વિચાર જૈનાભાસ જેવા થઇ ગયા છે. વિદ્વાન્ મુનિઓના આગમન વિના અજ્ઞાન રહેલી કચ્છી જૈન પ્રજામાં કેટલાએક દુષ્ટ રીવાજો ઘુંસી ગયેલા છે. મરણ પાછલ રડવાકુટવાનો ચાલ ઘણોજ વધી ગયો છે. મરનારના સબંધીઓ પર્વના દિવસોમાં ભેગા મલી ઉંચે સ્વરે રૂદન કરે છે. મરણ પાછલ મિષ્ટાન્ન ભોજન નિઃશંકપણે કરવામાં આવે છે. કન્યા વિક્રયનો કુરિવાજ ઘણો છે. આ રીવાજનું પ્રબલ વાગડના ભાગમાં વિશેષ જોવામાં આવે છે. ગમે તેવો અયોગ્ય વર જો પુષ્કળ દ્રવ્ય હોય તો કચ્છ દેશની બજારમાંથી કન્યા રત્ન ખરીદ કરી શકે છે.

કચ્છ દેશની જૈનપ્રજાની આવી દયાજનક સ્થિતિ જાણીને મુનિરાજ શ્રી હંશવિજયજી મહારાજે તે દેશમાં વિહાર કરવાનો આરંભ કર્યો છે. તે આર્હત ધર્મના પ્રભાવક મહામુનિએ નિશ્ચય કર્યો છે કે, ભારત વર્ષના સર્વ ક્ષેત્રો તીર્થરૂપ છે પ્રાચીન મુનીશ્વરો ઊપકાર બુદ્ધિથી સર્વ સ્થલે વિચર્યા છે, અને વિચરવું જોઇએ. જ્યાં સુધી આર્ય દેશની મર્યાદા છે ત્યાં સુધીમાં આવેલા ધર્મ ક્ષેત્રોનો ઊચ્છેદ થવા ન દેવો જોઇએ ચારિત્રનો ઊપયોગ ધર્મ—પમાડવામાંજ છે. માત્ર કુક્ષિં ભરી થઇ સુખ વિહાર કરી ઊત્તમ ક્ષેત્રોમાંજ પડયા રહેવું એ ચારિત્ર ધર્મની વિરૂદ્ધ છે.

કચ્છમાં વિચરતા મહામુનિ શ્રી હંસવિજયજી અનેક ધર્મોપકાર કરતાં જાયછે. આરંભમાંજ તેમના અમૃતમય ઊપદેશથી ધ્રાંગધ્રાના મુખ્ય મહાલ હળવદમાં જૈન પાઠશાલાની સ્થાપના કરવામાં આવી છે. ત્યાંથી તેઓનો કચ્છમાં પ્રવેશ થયેલોછે. કચ્છ દેશના વિહાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માર્ગે જે સ્થલ આવ્યા, તેની અંદર જેજે ખામીઓ છે, તે સુધારવા મહારાજ શ્રી ઊમંગથી ઊપદેશ આપેછે. તે દેશમાં મુનિઓનું આગમન ન હોવાથી કચ્છી જૈન પ્રજાને મહારાજશ્રીના આગમનથી વિશેષ અનંદ થાય છે. જે સ્થલે મહારાજશ્રી પધારવાના હોય તે સ્થલે લોકોના વૃંદ શ્રેણીબંધ સામા આવેછે અને ઊંચે સ્વરે જયનાદ કરેછે. ઊચ્છેદ થવાને ઊન્મુખ થયેલી કચ્છ દેશની ભૂમી અત્યારે આર્હત ધર્મના ઊધોતથી પ્રકાશમાન છે. જિન શાસનના જયનાદથી કચ્છ ભૂમિ ગાજી રહીછે. આ મહા પ્રભાવ મહામુનિના વિહારનો છે. પરમ પવિત્ર અને પંન્યાસપદ ધારક શ્રી સંપદ્‌વિજયજી ગણી જેવા શિષ્ય સહિત શ્રીમાન્ હંસવિજયજી મહારાજના વિહારનો મહિમા કચ્છી જૈનપ્રજાના ધર્મોદયનો કારણ રૂપ થયોછે. કચ્છનો ધર્મોદય એજ કચ્છનો મહોદય છે. અપૂર્ણ.

# બ્રહ્મચર્ય પ્રભાવ.

## પ્રકરણ ૧૦ મું.

### જિન ચૈત્યમાં

પ્રભાતનો વાયું શીતલ સુખ સ્પર્શ આપતો હતો. વૃક્ષોની ઘટામાં ઉદય પામતા સૂર્યના કિરણો આછા આછા દેખાતા હતાં. એક તરફ સરિતાનો પ્રવાહ ગર્જના કરી વેહેતો હતો. તીર ઉપર અનેક નાના મોટા વાહાણો જોવામાં આવતા હતા. વ્યાપારીઓના, યાત્રાળુઓના અને ખલાસીઓના કોલાહલથી સરિતાની તીર ભૂમિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગાજી રહી હતી પ્રભાતે જાગ્રત થયેલા પક્ષિઓના શબ્દોના પ્રતિ ધ્વનિ પડતા હતા આ વખતે તીર ઉપર આવેલી જિનચૈત્યની વાટિકામાં એક યુવાન મુસાફર ઊતર્યો હતો. તે સ્થલની રમણીયતા જોઈ તેના મનમાં અતિ આનંદ આવતો હતો. વાટિકાનો વિસ્તાર નાનો હતો તે છતાં તેમાં વિવિધ જાતના પુષ્પો થતાં હતાં એ વાટિકા તે ચૈત્યની પ્રતિમાની પુષ્પ પૂજાના ઉપયોગ માટે કરવામાં આવી હતી પ્રભુની ફલ પૂજાની સામગ્રી પણ એમાંથી સંપાદન થતી હતી તે વાટિકામાં યાત્રાલુઓ ઉતરી શકે તેવી એક ધર્મશાલા કરવામાં આવી હતી. ધર્મશાલાનું સ્થાન વાટિકાના છેડા ઉપર હતું. તે ભાગ બરાબર સરિતાના તીરનો હતો. ધર્મશાલામાં ઉતરેલા મુસાફરો સરિતાનું જળલેવા ત્યાંથી ઉતરી શકે તેવું એક દ્વાર ત્યાં મુકેલું હતું. દ્વારની નીચે સરિતાના જલના પ્રવાહ સુધી એક સોપાન શ્રેણી રચેલી હતી. આ મનોહર વાટિકાની અંદર મધ્ય ભાગે એક સુંદર જિન ચૈત્ય હતું ચૈત્યનો વિસ્તાર વિશેષ ન હતો તથાપિ તેનો દેખાવ એક દિવ્ય વિમાનના જેવો લાગતો હતો. નગરના આસ્તિક શ્રાવકો અને શ્રાવિકાઓ એ વાટિકાની રમણીયતાથી આકર્ષાઈ તે ચૈત્ય નાયકની પૂજા કરવાને વિશેષ આવતા હતાં. તે સાથે ચૈત્યમાં આવેલા પ્રતિમાજી ઘણાં સુંદર અને તેજસ્વી હતા. તેમના દર્શનથી હૃદયની ભાવના તત્કાલ જાગ્રત થતી હતી. તે પ્રભુની મનોહર પ્રતિમાનો પ્રભાવ અલૌકિક હતો. તેના અધિષ્ઠાયક દેવ પ્રત્યક્ષ પ્રભાવ દર્શાવતા હતા. કોઈ કોઈ વાર તે ચૈત્યમાં અદ્‌ભુત ચમત્કારો થતા હતા.

પેલો મુસાફર ધર્મશાલામાં ઊતરી જરા સ્વસ્થ થઈ શારીરિક શુદ્ધિ કરવાને બાહેર નીકળ્યો. તે શુદ્ધિ કરી જે પેલું દ્વાર સરિતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર ઉપર પડેછે, ત્યાં આવ્યો. ત્યાં ઉભા રહી તે સરિતાના સુંદર દેખાવનું અવલોકન કરવા લાગ્યો. નીરનો પ્રવાહ વેગથી ચાલતો હતો તીર ઉપર આવેલા પાષાણમય પ્રદેશ સાથે અથડાતો તે પ્રવાહ મધુર ગર્જના કરતો હતો. અનેક નાવિકાઓ નાના નાના સઢચડાવી ગમના ગમન કરતી હતી. સામેના તીર ઉપર આવેલા યાત્રાલુઓ નાવારોહણ કરવાને ઉત્સુક થઇ ઉભા હતા. આવો સુંદર દેખાવ જોઈ તે મુસાફરને અતિ આનંદ આવ્યો. ક્ષણવાર ઉભા રહેલા તે મુસાફરના કાન ઉપર એક મધુર કંઠનો ધ્વનિ પડયો. તે ધ્વનિએ તેના હૃદયને અને ચક્ષુને આકર્ષી લીધાં. તત્કાલ ચારે તરફ તેનું અવલોકન કરવા લાગ્યો.

અપૂર્ણ.

## ભવાટવીમાં ભ્રમણ.

( ઉપનય કથા. )

એક વખતે એક મુસાફર આ વિશાલ વિશ્વની રચના જોવાને ફરવા નીકલ્યો. વિવિધ જાતના દેશ, વેષ, લોક, ભાષા અને રીતિ જોઇ તે આનંદ પામતો હતો. આજ સુધીમાં તેણે જેજે દેશ, પુર, ગામ કે વન જોયાં, તેમાં તેને પુણ્ય યોગે કાંઈ પણ કષ્ટ પડયું ન હતું. આજ સુધીની તેની મુસાફરી સર્વ રીતે સુખકારી ઉતરી હતી. પણ દૈવયોગે તે એક ભયંકર અટવીમાં આવી ચડયો. તે અટવીમાં અનેક જાતના ભયંકર દેખાવો નજરે પડવા લાગ્યા. કોઇ સ્થલે શોક અને કોઈ સ્થલે ઉદાસીનતા દેખાતી હતી. સંપત્તિ અને વિપત્તિના ક્ષણે ક્ષણે વિદ્યુતની જેમ વિલાસ થતા હતા. કોઇવાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રાસદાયક પ્રાણીઓના પ્રચંડ શબ્દો સંભલાતા હતા. કોઇવાર પશુ પક્ષીઓના મધુર ધ્વનિ પણ સંભલાતા હતા. એક તરફ મંગલ તો એક તરફ અમંગલ એમ પરસ્પર સાથેજ વિપરીત ભાવ દેખાતો હતો.

આવી ઘોર અને ભયંકર અટવી જોઇ તે મુસાફર ગભરાટમાં પડયો, અને તે અટવીના સ્વરૂપને જોઈ કંપાયમાન થવા લાગ્યો. વાંચનાર, આ મુસાફર સંસારી જીવ સમજવો. આજ સુધી તે કોઈ ઉત્તમ ગતિમાં ભ્રમણ કરતો હતો, તેથી તેને તે મુસાફરી સુખ દાયક થઈ હતી. તે સુખદાયક મુસાફરીમાં દેવ, ગુરૂ અને ધર્મની ઉત્તમ સામગ્રી પ્રાપ્ત થયા છતાં તેનો યથાશક્તિ ઉપયોગ ન કરવાથી તે પૂર્વના કર્મયોગે હવે તે સાધારણ ગતિમાં આવી પડયોછે. તેણે જે અટવી જોઈ હતી તે આ સંસાર રૂપ અટવી છે. જે ભવાટવીના નામથી ઓલખાયછે. સંસારાટવીનું જે વર્ણન કરવામાં આવ્યુંછે, તે સંસારના સ્વરૂપને યથાર્થ રીતે મલતુંછે.

તે મુસાફર આ ભયંકર અટવીમાં આવતાં ભય પામ્યો પણ પાછો વિમર્શમાં પડયો. પૂર્વ પુણ્યના ઉદયથી તે અટવીના સ્વરૂપ ને તેણે ઓલખી લીધું, તથાપિ તે અટવીમાંથી નીકલી શકયો નહીં, અટવીના ભયંકર પરદેશમાં તે ભટકતો હતો. તેના હૃદયમાં વારંવાર થતું કે આ ભયંકર અટવીમાંથી હું કયારે બાહેર નીકલીશ પણ તે ક્ષણમાં પાછો ભુલી જતો હતો. અટવીના કોઇ ભાગમાં સ્વાદિષ્ટ ફલના વૃક્ષ જ્યારે તેના જોવામાં આવતા ત્યારે તે ફલનો સ્વાદ લેવા ઉભો રહેતો હતો. સ્વાદ લેતાં કોઈ ભયંકર કેશરીસિંહનો શબ્દ સાંભળતો એટલે તે પાછો કંપી ચાલતો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણમાં ભય અને ક્ષણમાં પ્રીતિ સાથે ફરતા તે મુસાફરે અટવીના એક પ્રદેશમાં એક પુરૂષને જોયો, તે પુરૂષ સ્વરૂપવાન્ હતો. તેની કાંતિ મોહક હતી. અને તેનામાં સ્વાભાવિક શોભા રહેલી હતી. તે મનોહર પુરૂષને જોતાંજ એ મુસાફર આકુલ વ્યાકુલ થઈ ગયો. તેની દ્રષ્ટિમાં મોહની મલિન છાયા આવી ગઇ. તત્કાળ તે પુરૂષને તેણે પ્રેમથી આલિંગન આપ્યું, પુરૂષને આલિંગન આપતાં તેની સ્થિતિ વિચિત્ર થઈ ગઇ નેત્ર અંધ થઇ ગયા, ઇંદ્રિયો શિથિલ થઈ ગઇ, હાથ પગ તણાવા લાગ્યા, અને ક્ષણવાર તે મૂર્છા ખાઈ પડયો.

વાંચનાર, અહિં ઉપનય સમજવાનો એવો છે કે, જે સુંદર પુરૂષ તે મુસાફરને મલયો, તે કામ હતો. કામ રૂપ કષાયનું સ્વરૂપ સુંદર લાગેછે. પણ તેનો સમાગમ થતાં કામીની સ્થિતિ જુદીજ થઇ જાય છે કામના સમાગમથી પુરૂષ મૂર્છા જેવી સ્થિતિ ભોગવેછે. વીર્ય રૂપ તેજનો નાશ થતાં તે નિસ્તેજ થઇ જાય છે.

કામ પુષ્પધન્વા છે. તેના બાણ ઝેરી છે મૃદુ છતાં મર્મ વેધ કરે તેવા છે. એ કામ સૌમ્ય છતાં ક્રૂર છે. એ પોતાના સામર્થ્યથી સર્વ વિશ્વને પરાજિત કરે છે. તેવા કામને વશ થયેલા વિદ્વાનો પણ યદ્વા તદ્વા બકે છે. શ્રાવક શિરોમણિ પદ્માનંદ કવિ લખે છે કે—

क फफार्त्तं मुखं नार्याः क पीयूषनिधिः शशी ।
आमनंति तयोरैक्यं कामिनो मंद बुद्धयः ॥१॥

" નારીનું કફ ભરેલું મુખ કયાં ! અને અમૃતનો નિધિ ચંદ્ર કયાં ! તથાપિ મંદ બુદ્ધિવાલા કામિઓ તે મુખ અને ચંદ્રનું ઐક્ય પ્રતિપાદન કરે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે કામ પુરૂષની વિડંબનાનો અનુભવ કરી તે મુસાફર આગલ આલ્યો, ત્યાં એક બીજો પુરૂષ જોવામાં આવ્યો. તે પુરૂષ પ્રચંડ હતો, તેની આકૃતિ ભયંકર હતી, નેત્રમાં અગ્નિની જવાલા જેવી રતાશ હતી. શરીરમાં ક્રોધના ભરેલા કંપ હતો. ભ્રગુટીનો દેખાવ ભયંકર હતો તે વારંવાર હોઠને ડસતો હતો. આ પ્રચંડ પુરૂષ જોતાંજ તે પથિક કંપી ગયો. જાણે દેહ ધારી કાલ આવ્યો હોય તેમ તેને માલમ પડયું. તે પુરૂષે આવી ને મુસાફરને આલિંગન કર્યું. મુસાફરની શારીરિક સ્થિતિ બદલાઇ ગઇ, જે સ્વરૂપ તે પુરૂષનું હતું, તેવુ તેનું સ્વરૂપ થઇ ગયું. અપૂર્ણ.

## વૃત્તાંત સંગ્રહ.

### સ્વર્ગવાસી વકીલ મૂળચંદ નથુભાઇ માટે શોક પ્રદર્શિત કરવા ભાવનગર જૈન સંઘની મળેલી જનરલ મીટીંગ અને તેમને માટે ઉઘાડવામાં આવેલું સ્મારક ફંડ.

જેમ ચંદનનું વૃક્ષ છેદાયા પછી વધારે સુગંધ આપે છે, તેમ સદ્ગુણી અને સાહસિક નરરત્નના ગુણો તેમની હયાતીકરતાં તેમના મૃત્યુ પછી વધારે સ્ફુરે છે. શ્રીયુત મૂળચંદભાઇના સંબંધમાં તેમ બનેલું છે. મરહુમના મૃત્યુથી લૌકિક વ્યવહાર બતાવવા તેમના સંબંધીઓ, સ્નેહીઓ, મિત્રો અને ભાવનગર જૈન સંઘના અગ્રેસરો માત્ર અશ્રુપાત કરીને બેસી રહ્યા નથી. પણ મરહુમના સદ્ગુણોનું, તેમના સાર્વજનિક કાર્યોનું, તથા તેમની ઉપકારવૃત્તિ,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘભક્તિ, અને ગુરૂ ભક્તિનું સતત સ્મરણ રાખવા તેઓએ પોતાની કૃતજ્ઞતા દર્શાવી આપી છે. વૈશાખ માસની કૃષ્ણ તૃતીયાનો દિવસ મરહુમની માસિક તિથિનો દિવસ હતો. તે દિવસે રાત્રીના આઠ કલાકે ભાવનગરના જૈન ગૃહસ્થોનો સમુદાય આત્માનંદ સભાના મકાનમાં એકઠો થયો હતો. આ સમુદાયમાં સ્વર્ગવાસીનાં સદ્ગુણોએ સંઘના તમામ અગ્રેસરો, સંબંધીઓ, સ્નેહીઓ અને મિત્રોને આકર્ષ્યા હતા. સભાનું સ્થાન નાનું હતું, તેથી મુશ્કેલીએ સમાવેશ કરવામાં આવ્યો હતો. સર્વ ગૃહસ્થોની મુખમુદ્રા ઉપર શોકનો દેખાવ થઇ રહ્યો હતો. " આ સ્થાનમાં સભા પતિના સિંહાસનના શિખર ઉપર ગર્જના કરનારો એક શ્રાવક સિંહ ચાલ્યો ગયો છે. " એવું સ્મરણ આવવાથી તેમના મિત્રોના નયનમાં તે વખતે અશ્રુ નીર આવતાં હતાં. પ્રથમથી નિમાએલા વકતાઓ કંઠ ગદગદિત થવાથી બોલી શકાશે કે નહિ ? એમ મનમાં શંકા કરતા હતા.

સભા સ્થાન સંપૂર્ણ ભરાયા પછી કાર્યનો સમારંભ કરવામાં આવ્યો. પ્રથમ વોરા જુઠાભાઈ સાકરચંદે આમંત્રણ પત્રિકા વાંચી સભા ભરવાનો હેતુ કહી બતાવ્યો, તે પછી શા. મગનલાલ ઓધવજીએ ભાવનગર સંઘના અગ્રેસર કુટુંબના ગૃહસ્થ વોરા હઠીસંગ ઝવેરચંદને પ્રમુખ સ્થાન આપવાની દરખાસ્ત કરી. જેને વોરા ગીરધર ગોરધને અનુમોદન આપ્યું. વોરા હઠીસંગ ઝવેરચંદે પ્રમુખ સ્થાન લીધા પછી તેમની આજ્ઞાથી શેઠ ગુલાબચંદ આણંદજીએ મરહુમ મૂળચંદ ભાઈનું જીવન ચરિત્ર કહી સંભળાવ્યું હતું જેમાં મરહુમના ગુણાનુવાદનું કથન ઘણી સરસ રીતે કરવામાં આવ્યું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હતું. તે પછી મી. ભગવાનલાલ કરચનજીએ સ્વર્ગવાસીના સદ્ગુણોવિષે ટુંકમાં વિવેચન કર્યું હતું. ત્યાર બાદ શાસ્ત્રી નર્મદાશંકર દામોદરે જણાવ્યું કે, આ સભા સ્થાનને જોતાંજ મને સ્વર્ગવાસીનું વિશેષ સ્મરણ થઈ આવે છે. આ સ્થાનમાં મરહુમની જે સ્થિતિ જોએલી તે સ્થિતિ સ્મરણમાં આવવાથી વિશેષ દિલગિરી થઇ આવે છે. તે સાથે તેઓએ એક સંસ્કૃત શ્લોક સાથે જણાવ્યું કે, જ્યારે ભાવનગરમાં છેલ્લી આગ થયેલ તે વખતે આસપાસનો ભાગ દગ્ધ થઇ જતાં આ સભા સ્થાન બચી ગયેલ. તે સ્થાન તે વખતે પોતાને ધન્ય માનતું હતું, પણ આ વખતે પોતાની ભુમિનો અલંકાર અને નાયક સ્વર્ગે જવાથી તેને અગ્નિ દહનથી પણ વિશેષ દુઃખ થતું હશે. તે પછી મરહુમની જૈન શૈલીની વિદ્વતા વિષે થયેલ પોતાનો અનુભવ દર્શાવી કાષ્ટ અને ચિતા અગ્નિના સંવાદરૂપે એક શ્લોક કહી મરહુમના નામનું સ્મરણ રાખવાની સર્વને સુચના કરી હતી.

તે પછી જૈન ધર્મ પ્રસારક સભાના પ્રમુખ શેઠ કુંવરજી આણંદજી મરહુમની સાથે પોતાનો બાલ્યાવયનો સંબંધ દર્શાવી શોકની લાગણી પ્રદર્શિત કરી બોલ્યા કે, આ નરરત્નની આખી જૈન કોમને મોટી ખોટ છે, જૈન તત્વજ્ઞાનના મરહુમ ઉત્તમ અભ્યાસી હતા, તેઓમાં વાંચનકલા સર્વોત્તમ હતી. કોઇ પણ ગ્રંથ તેઓ વિચારતાં તેમાં આરપાર ઊતરતા અને સારૂ મનન કરતા હતા. તેઓની વકતૃત્વ શક્તિ અને લેખન શક્તિ અસાધારણ હતી. તે સાથે તેઓમાં હિંમત ઘણી હતી. આચાર્યશ્રી આત્મારામજી મહારાજે રચેલા અજ્ઞાન તિમિર ભાષ્કર ગ્રંથ જ્યારે પ્રગટ થયેલ ત્યારે તે વખતે આવેલી ઈતર ધર્મ તરફથી સત્તાવાળી મુશ્કેલીમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરહુમે અસાધારણ હિંમત દર્શાવી તે કાર્ય સિદ્ધ કર્યું હતું. ઉજમ બાઈ કન્યાશાળા અને પાંજરા પોળના કાર્યમાં મરહુમે પોતાની કાર્ય શક્તિનો ઉત્તમ ઉપયોગ કર્યો હતો. જૈન મત ઉપર આક્ષેપ કરનાર ની સામે તેઓ નિડર થઇ ઉભા રહેતા. જૈનમત સમિક્ષાના કેશમાં તેઓ સામે થવાને તૈયાર થયા હતા.

તે પછી ગાંધી અમરચંદ ઘેલાભાઇએ જણાવ્યું કે, મરહુમની લખવાની, વાંચવાની, અને સ્મરણમાં રાખવાની ઉત્તમ શાક્ત હતી. કોઈવખત જ્ઞાન ચર્ચાને માટે તેઓ એક દિવસમાં સો સો શ્લોક કંઠાગ્ર કરી શકતા હતા. બીજું તેઓ આપણી જૈન કોમની અંદર સંગીતના સારા અભ્યાસી હતા. તેઓ સંગીતનો ઉપયોગ હમેશાં પ્રભુ ભક્તિ અને પૂજા ભણાવવામાં કરતા હતા. તેથી અત્યારે પૂજા ભણાવવાની બાબતમાં પણ તેમની ખરે ખરી ખોટ પડી છે.

તે પછી શાસ્ત્રી જાદવજીએ તે વીરનરે સ્થાપેલી આત્માનંદ સભાને ઇંદ્રની સુધર્મા સભા સાથે સરખાવી તેમના ગુણોની પ્રશંસા કરી હતી. તે પછી મી. ડાયાલાલ હકમચંદે મરહુમની ધાર્મિકવૃત્તિ અને ઇંગ્રેજી કેળવણી પામેલા આધુનિક યુવાનોને સમજાવવાની શકિત વિષે ટુંકામાં વિવેચન કર્યું હતું. તે પછી “ વિદ્યા-વિજય પ્રિન્ટીંગ પ્રેસ” ના માલીક શા પુરૂષોતમ ગીગાભાઇએ મરહુમે આપેલી પોતાને અસાધારણ સહાય અને તેને અંગે મરહુમની પરોપકારવૃત્તિની પ્રશંસા કરી હતી. ત્યારબાદ મી. નરોતમદાસ ભગવાનદાસે જણાવ્યું કે હિંદુસ્તાનમાં આવા નરરત્નોની ખોટ પડે છે, તે તેની અવનતિનું ચિન્હ છે, આજ કાલ ઇંગ્રેજી કેળવણી પામેલા જૈન શાસ્ત્રની વિરૂદ્ધ વર્તન ચલાવે છે. એનો જે અપવાદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓને માથે લાગેલો છે, તેનું મૂળ કારણ જૈનતત્વ જ્ઞાનને નવી પદ્ધતિથી સમજાવનારા પુરૂષોની ખામીને લીધે છે. જે ખામી મરહુમ મુળચંદભાઈએ દૂર કરી હતી. તેઓ પોતાની વિદ્વતાથી નવીન સંસ્કારવાળાને શંકા રહિત કરી ક્ષણ વારમાં ધાર્મિક વૃત્તિવાળા કરી શકતા હતા. તે સાથે જૈનોની સાંસારિક ઉન્નતિના નવા માર્ગ તેઓ બુદ્ધિ બળથી શોધી શકતા હતા. ત્યારબાદ મી. મોતીચંદ ગીરધરલાલ કાપડીયા બી. એ. એલ. એલ. બી. એ મરનારના સદ્ગુણોનું બ્યાન સંક્ષેપમાં દર્શાવ્યું હતું. તે પ્રસંગે ભારતના પ્રખ્યાત રાજકવિ ભર્તુહરીના શતકનો એક શ્લોક બોલી તે વિષે વિવેચન કર્યું હતું. અને આવા વિદ્વાન નરના સ્મરણ માટે કંઇ પણ કરવા યોગ્ય કર્તવ્યની સૂચના કરી હતી.

તે પછી મરહુમના સ્વર્ગવાસના ખબર સાંભળી જે જે મુનિ મહારાજાઓના અને જૈન કોમના અગ્રેસરોના વિદેશમાંથી શોક દર્શક પત્રો આવેલા તે ગાંધી વલભદાસ ત્રીભોવનદાસે વાંચી સંભળાવ્યા હતા જેમાં મરહુમના ગુણોની પ્રશંસા સાથે હૃદય વેધક શબ્દોથી ભારે શોક દર્શાવવામાં આવ્યો હતો. ત્યારે બાદ પ્રમુખની આજ્ઞાથી વોરા જુઠાભાઈ સાકરચંદે ફંડ ઉઘાડવાની દરખાસ્ત મુકી તેને મી. વલભદાસ ત્રીભોવનદાસે ટેકો આપ્યો હતો તે પછી ગાંધી જમનાદાસ અમરચંદે મરહુમના નામનું સ્મરણ રહે તેને માટે અસરકારક વિવેચન કરી મરહુમના ગુણનું યથાર્થ વર્ણન કરી સ્મારક ફંડની આવશ્યકતા દર્શાવી હતી. તેનાજ અનુમોદનમાં મી. નરોતમદાસ હરજીવનદાસે પણ વિશેષ વિવેચન કર્યા પછી સ્મારક ફંડનો સમારંભ તત્કાળ કરવામાં આવ્યો હતો જેમાં ત્યાં પધારેલા ગૃહસ્થોએ નીચે પ્રમાણે ઉત્સાહથી રકમો ભરી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૦૧) વકીલ નથુભાઈ હેમચંદ. ૫૧) શેઠ રતનજી વીરજી.
૫૧) શેઠ આણંદજી પરશોતમ. ૫૧) વોરા ગીરધર ગોરધન.
૫૧) વોરા જુઠાભાઈ સાકરચંદ. ૩૧) શાહ ભગવાનલાલ કરસનજી
૨૫) વોરા હઠીસંગ ઝવેરચંદ. ૨૫) શા મગનલાલ ઓધવજી
૨૦) એક યુવક. ૧૫) શ્રી જૈનધર્મ પ્રબોધક સભા
૧૫) શા ત્રીભોવનદાસ ભાણજી. ૧૧) શા પુરૂષોત્તમ ગીગાભાઇ
૧૧) મગનલાલ એન્ડ પરભુદાસ. ૧૦) શેઠ રાયચંદ હીરાચંદ.

ફોટોગ્રાફર.

૫) શા ખોડીદાસ ધરમચંદ. ૧૦) એક ગૃહસ્થ.
૫) શા હરજીવનદાસ દીપચંદ. ૫) ઠાર છોટાલાલ હીરાચંદ.
૫) શાસ્ત્રી નર્મદાશંકર દામોદર. ૫) સ્લોત જગજીવન ફુલચંદ.
૫) વોરા હરખચંદ સતચંદ. ૫) ગાંધી અમરચંદ ઘેલાભાઇ
૫) પારેખ આણંદજી હરજીવન. ૫) શેઠ જુઠાભાઈ વાલજી.
૫) શ્રી ગઢેચી જૈન કલબ. ૫) શા ત્રીકમજી હરીચંદ.
૪) સંઘવી નાનચંદ કુંવરજી. ૩) શા દામોદર ગોવિંદજી.
૩) સંઘવી વેલચંદ ધનજી. ૩) શા ત્રીકમલાલ હાઉ.
૨) શા ઠાકરશી પદમશી. ૨) ગાંધી નાનચંદ માધવજી.
૨) સંઘવી મણિલાલ ઘેલાભાઇ. ૨) સલોત જીવરાજ ઝવેર.
૨) શા હરગોવન વેલચંદ. ૨) શા જગજીવન મોતીચંદ.
૨) પોસ્ટ માસ્તર લખુભાઈ ભાઇ. ૨) શા ગાંડા કમા.

ચંદ.

૨) શા રાયચંદ છગનલાલ. ૨) શા પરમાણંદ રામચંદ.
૨) એક ગૃહસ્થ. ૧) શા શીવચંદ છગનલાલ.
૧) શા ભીમજી નારણજી. ૧) શા નાગરદાસ વલભદાસ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨) શા મોતીચંદ ઉજમ.

(૬૭૩)

ત્યાર બાદ સ્મારક ફંડની વ્યવસ્થા કરવાને નીચે પ્રમાણે એક કમીટી નીમવામાં આવી.

પ્રમુખ.

શેઠ. રતનજી વીરજી.

ઉપ પ્રમુખ.

વોરા હઠીસંગ ઝવેરચંદ. શેઠ કુંવરજી આણંદજી.

સેક્રેટરી.

શેઠ ગુલાબચંદ આણંદજી વોરા જુઠાભાઈ સાકરચંદ.
ગાંધી વલભદાસ ત્રીભોવનદાસ. પારેખ દુર્લભદાસ કલ્યાણદાસ.

મેમ્બરો,

શા મગનલાલ ઓધવજી. શા દામોદરદાસ હરજીવનદાસ.
શા ભગવાનલાલ કરશનજી શેઠ જુઠાભાઈ વાલજી.
શા ખોડીદાસ ધરમચંદ. શા પુરૂષોતમદાસ ગીગાભાઈ.
શેઠ રાયચંદ હીરાચંદ. શેઠ નરોતમદાસ ભાણજી.
પારેખ આણંદજી હરજીવન. વોરા ગીરધર ગોરધન.
ગાંધી અમરચંદ ઘેલાભાઈ. શાસ્ત્રી નર્મદાશંકર દામોદર.
પોસ્ટમાસ્તર લખુભાઈ ભાઈચંદ. શા હરજીવન દીપચંદ.

ત્યારબાદ પ્રમુખે મરહુમના ગુણની પ્રશંસા કરી દિલગીરીનો ઠરાવ પસાર કર્યો. અને સ્મારક ફંડની આવશ્યકતા દર્શાવી બીજાઓને સ્મારક ફંડને મદદ કરવાની ભલામણ કરી હતી.

ત્યાર પછી શા મગનલાલ ઓધવજી એ પ્રમુખ સાહેબ તથા પધારેલા ગૃહસ્થોનો ઉપકાર માન્યો હતો. અને સભા વિસર્જન થઇ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લવાજમની પોહોંચ.

૧-૫-૦ શા સુરજમલ લલુભાઇ.
૧-૪-૦ ૬.ણુશાલી ધારશી મુલજી.
૨-૯-૦ શા નેણસીભાઇ ગગલ.
૨-૯-૦ શા ટેકચંદ મોતીરામ.
૨-૯-૦ દોશી દેવચંદભાઇ જેઠાભાઇ
૨-૯-૦ શા ચુનીલાલ પરશોતમ
૨-૯-૦ શા હરગોવન ઉમેદચંદ
૨-૯-૦ શા લખમીચંદ મોહનલાલ
૨-૯-૦ શા માલસી ગોવીંદજી
૨-૯-૦ શા અભેચંદ કચરા.
૨-૯-૦ શા લખમીચંદ દેવચંદ
૨-૯-૦ શા ખુબચંદ કશળચંદ
૨-૯-૦ શા હેમરાજ રતનશી
૨-૯-૦ શા વીરચંદ રાજાજી
૨-૯-૦ શા વનમાળી વેલજી
૨-૯-૦ શા રાયચંદ દેવચંદ
૨-૯-૦ શા મણીલાલ ત્રીકમદાસ
૨-૯-૦ શા આશારામ લીલાચંદ
૨-૯-૦ દફતરી ખીમચંદ હેમચંદ
૨-૯-૦ મજમુદાર વાડીલાલ હેમચંદ
૨-૯-૦ મી. કપુરચંદ લખમીચંદ
૨-૯-૦ શા માધવજી ચત્રભુજ
૨-૯-૦ શા જેચંદ વીરચંદ
૨-૯-૦ શ્રી કપુરવિજય જૈનલાઇબ્રેરી
૨-૯-૦ માસ્તર મોતીચંદ ઉમેદચંદ
૨-૯-૦ શા જીવચંદ વેલચંદ
૨-૯-૦ શા ગોવીંદજી લખમાજી

૨-૯-૭ શા મુલચંદ છગનલાલ.
૨-૯-૦ શા કલ્યાણજી ભાઇચંદ.
૨-૯-૦ સંઘવી. લલુભાઇ શાકળચંદ
૨-૯-૦ શેઠ જેચંદભાઇ બેચરદાસ
૨-૯-૦ શા હઠીશંગ રતનચંદ.
૨-૯-૦ ગાંધી મગનલાલ સાકળચંદ
૧-૫-૦ શ્રી જૈનલાઇબ્રેરી.
૧-૫-૦ શા હાકરશી લાલચંદ
૧-૫-૦ મેતા ગોવીંદજી ઉમેદભાઇ.
૧-૪-૦ શા મોતીચંદ કુબેરદાસ
૧-૪-૦ શા મોહનલાલ સોભાગચંદ
૦-૧૧-૬ શા લલુચંદ શોભારામ
૨-૯-૦ વૈદ મગનલાલ ચુનીલાલ
૨-૯-૦ ઝવેરી સરૂપચંદ ધોળીદાશ.
૨-૯-૦ ઝવેરી કલ્યાણજી અમીચંદ
૨-૯-૦ માસ્તર રતનચંદ મુળચંદ
૨-૯-૦ શા ચુનીલાલ સાંકળચંદ
૨-૯-૦ જે. એન. દલાલ.
૨-૯-૦ વકીલ લવજીભાઇ પુંજાભાઇ
૨-૯-૦ જેશંગલાલ મોહનલાલ
૨-૯-૦ શા છોટાલાલ કપુરચંદ
૧-૫-૦ પંડવા નાથાભાઇ નાનશા
૧-૫-૦ શા કેશવલાલ બાપુભાઇ
૧-૫-૦ શા મગનલાલ દલપતરામ.
૧-૫-૦ શા મગનલાલ નરોતમ
૨-૯-૦ શા રાયચંદ કશળચંદ
૨-૯-૦ શા અમીચંદ નથુજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧-૫-૦ શેઠ કમળશીભાઇ ગુલાબચંદ ૨-૯-૦ શા કાળીદાશ વનમાળી
૨-૯-૦ બોગાવતખીમચંદજી દાનમલજી ૨-૯-૦ વખારીઆ મુળચંદ સાંકળચંદ
૨-૯-૦ શ્રી ગંભીરમલજી જૈનલાઇબ્રેરી ૨-૯-૦ શેઠ રાજમળ ચોથમળ
૨-૯-૦ શા છોટાલાલ નવલચંદ ૨-૯-૦ શા ગોકલદાશ પાનાચંદ
૨-૯-૦ કામદાર પોપટભાઇ જેશંગ ૨-૯-૦ શા નેમચંદ બેચરદાસ
૨-૯-૦ શા રાજશી અમરશી ૨-૯-૦ દોશી રાઇચંદ કશળાચંદ
૨-૯-૦ ગાંધી શીવલાલ હરીભાઇ ૨-૯-૦ શા હીરાલાલ ગંગારામ
૨-૯-૦ દોશી ફુલચંદ જેસંગ ૨-૯-૦ શા ચત્રભુજ મોનજી
૨-૯-૦ શા મગન ચતુર ૨-૯-૦ શા કલાણજી નેમચંદ
૨-૯-૦ શા મણીલાલ તલકશી ૨-૯-૦ ભણશાળી ચાંપશી આણંદજી
૨-૯-૦ ગાંધી રાઘવજી હંશરાજ ૨-૯-૦ શા મનોરદાસ સુંદરજી
૨-૯-૦ શા કસ્તુર મનજી ૨-૯-૦ શા તારાચંદ કરમચંદ
૨-૯-૦ શા વેલશીભાઇ મુળજી ૨-૯-૦ શા હરખચંદ કરમચંદ
૧-૫-૦ શેઠ પરાગ ધનજી ૨-૯-૦ શા હીરજી માણેક
૧-૫-૦ લાલા ઉતમચંદ પીંડીદાસ ૨-૯-૦ ઝવેરી માણેકચંદ ઘેલાભાઇ
૨-૯-૦ શા હીરાચંદ વીરચંદ ૨-૯-૦ શા કપુરચંદ ફતેચંદ
૨-૯-૦ શા રતના પનાજી ૨-૯-૦ શા માનચંદ કશનાજી
૨-૯-૦ શા ઝવેર દેવાજી ૨-૯-૦ શા હસ્તિમલ શક્તિમલ
૨-૯-૦ ચોલદીઆ પુનમચંદ મનજી ૨-૯-૦ જવાહીર લાલ જૈની
૨-૯-૦ શા પ્રેમચંદ જેચંદ ૨-૯-૦ શા તીલોકચંદ રૂપચંદ
૨-૯-૦ શા લાલચંદ દેવચંદ ૨-૯-૦ શા માનાજી મોતાજી
૨-૯-૦ શેઠ મેઘાપચંદજી હીંદુમલજી ૨-૯-૦ બાબુ રાયધનપતસીંહજી
૨-૯-૦ શા વીરચંદ ખીમચંદ ૨-૯-૦ શા ભીખાલાલ વલમજી
૧-૫-૦ વોરા મીઆચંદ કશનાજી ૨-૯-૦ શા ખુશાલ અમુલખ
૨-૯-૦ શા ઘેલાભાઇ ગુલાબચંદ ૨-૯-૦ શા મનસુખ કીરતચંદ
૧-૫-૦ શેઠ દેવજી શામજી ૦-૮-૦ શા મુલચંદ ફુલચંદ
૨-૯-૦ શા સુનીલાલ નાનચંદ ૦-૩-૬ શા જીવાભાઇ હંસરાજ
૨-૯-૦ શા શામજી મુળજી ૧-૮-૦ શા મગનલાલ બાલાભાઇ
૨-૯-૦ શા ડાયાભાઇ તાપીદાશ ૧-૪-૦ શા કળશચંદ કાનજી
૨-૯-૦ શા જેઠાભાઇ વીરમ ૧-૪-૦ પારી પ્રેમચંદ કેવળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨-૯-૦ શા ફોજાભાઇ ગોકલદાસ
૨-૯-૦ શા ઉજમશી રાઇશી
૨-૯-૦ શા હીરાચંદ લાલચંદ
૨-૦-૦ શેઠ રતનજી વીરજી
૨-૦-૦ શેઠ રાઇચંદ હીરાચંદ
૧-૦-૦ સલોત જગજીવન ફુલચંદ
૧-૦-૦ ગાંધી કુબેરદાસ પરશોતમ
૨-૦-૦ માસ્તર નાનચંદ બેચરદાસ
૨-૯-૦ શા રાઇચંદ ખુશાલચંદ
૨-૯-૦ શેઠ તલકચંદ માણેકચંદ
૨-૯-૦ શેઠ લખમશી હીરજી કાઆણી
૧-૮-૦ શા સરૂપચંદ લલુભાઇ
૨-૮-૦ શા જીવાભાઇ માણેકચંદ
૧-૦-૦ શા ત્રીકમજી હરીચંદ
૨-૯-૦ શા નાથાભાઇ ભાઇચંદ
૨-૯-૦ શા વીઠલદાસ રગનાથ
૧-૫-૦ શા કચરાચંદ છગનલાલ
૨-૮-૦ વકીલ ચત્રભજ ગોવીંદજી
૨-૦-૦ દોશી આણંદજી પરશોતમ
૨-૯-૦ ઝ. મનસુંખલાલ સુરજમલ
૧-૦-૦ વા. ગુલાબચંદ અમરજી
૨-૮-૦ શા જીવરાજ હેમચંદ
૨-૯-૦ શા ગોવીંદ નથુજી
૨-૦-૦ શા જશરાજ ત્રીકમજી
૧-૪-૦ શા ભીખાભાઇ વીઠલ
૨-૮-૦ શા શામજી ભીમજી
૨-૮-૦ શા કસ્તુરચંદ વીરચંદ
૨-૦-૦ શા વરધમાન જુઠા
૨-૯-૦ શા વનમાળી છગનલાલ
૨-૮-૦ શા અમરચંદ હરજીવન

૧-૪-૦ ઓશી ફોજરાજ ધરમચંદ
૧-૪-૦ મેતા વહાલુ ટોકર
૧-૪-૦ મેતા સેલચંદ ન્યાલચંદ
૧-૪-૦ કોઠારી મણીલાલ રીગભદાસ
૧-૪-૦ ભણશાળી હીરાલાલ રાઇચંદ
૨-૮-૦ શા ભાઇચંદ કાનજી
૧-૮-૦ મુની ધ્રનેંદ્ર વિજયજી
૨-૯-૦ મેઘજી બેતશી
૨-૯-૦ શા જાદવજી વેલજી
૨-૯-૦ ઝવેરી હરાચંદ મોતીચંદ
૨-૯-૦ શા ત્રીભોવનદાસ ભાણજી
૨-૯-૦ શા ફુલેચંદ કપુરચંદ
૧-૫-૦ શા ખુસાલ નાનજી
૧-૫-૦ શા મંગળદાસ ગોરધનદાસ
૧-૦-૦ શા અમૃતલાલ પુરશોતમદાસ
૨-૯-૦ શા ભોગીલાલ લલુભાઇ
૧-૫-૦ વકીલ મહાસુખ નરશીદાસ
૨-૯-૦ શા મગનલાલ મોતીચંદ
૨-૨-૬ શા શોભાગચંદ વશતા
૨-૯-૦ રાવબહાદુર યુધિસિંહજી આબુ
૧-૫-૦ શા હીરાચંદ ખીમચંદ
૨-૯-૦ શા મગનભાઇ રાયચંદ
૨-૯-૦ શા ચુનીલાલ ખુબચંદ
૨-૯-૦ શા ઘેલાભાઇ દેવચંદ
૨-૯-૦ શા નેમચંદ નથુભાઇ
૨-૯-૦ શા ખીમચંદ કેસરીચંદ
૨-૯-૦ શા કલ્યાણજી દેવચંદ
૨-૯-૦ શા સાકરલાલ ચુનીલાલ
૨-૯-૦ શેઠ મગનભાઇ ગુલાબચંદ
૨-૯-૦ શા મગનભાઇ મલકચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧-૪-૦ શા લલુભાઇ ધનજી
૧-૦-૦ શા ઝવેરભાઇ ભાઇચંદ
૨-૦-૦ શા શંકરલાલ જૈન વૈદ
૨-૮-૦ શા ઉકાભાઇ તારાચંદ
૨-૮-૦ શા હીરાચંદ કકલભાઇ
૨-૮-૦ શા ચુનીલાલ વખતચંદ
૨-૮-૦ શા દોલતરામ કેશવરામ
૨-૮-૦ શા મનસુખરામ નાનચંદ
૨-૮-૦ શા મલુકચંદ ઉમેદચંદ
૨-૮-૦ શા માણેકચંદ વરતારામ
૨-૮-૦ શા પરશોતમ ઇચ્છાચંદ
૨-૮-૦ વકીલ હીરાચંદ પીતાબરદાસ
૨-૮-૦ શા ભુલાભાઇ વજીઆ
૨-૮-૦ શા માણેકચંદ કપુરચંદ
૨-૮-૦ શેઠ ચોભણભાઇ દામજી
૨-૮-૦ શા મગનલાલ પુરશોતમ
૨-૮-૦ શા તલકચંદ જેઠાભાઇ
૨-૮-૦ શેઠ રતનશી જેચંદ
૨-૮-૦ શા હરખચંદ કપુરચંદ
૨-૮-૦ શા જીવનભાઇ ચતુર
૨-૮-૦ શા અંબાલાલ પાનાચંદ
૨-૮-૦ શેઠ વીરચંદ દીપચંદ
૨-૮-૦ શા નેમચંદ મેલાપચંદ
૨-૮-૦ શા હરગોવન ઝવેરચંદ
૨-૮-૦ શા દેવચંદ ઉતમચંદ
૨-૮-૦ શા દેવરાજ માવજી
૨-૮-૦ શા દેવકરણ ઝવેર

૨-૮-૦ શા ચુનીલાલ છગનલાલ
૧-૫-૦ શેઠ વાડીલાલ રતનચંદ
૧-૫-૦ શા છગનલાલ જીવરાજ
૨-૮-૦ શેઠ સારાભાઈ મગનભાઇ
૨-૮-૦ શા દેવજી નથુભાઇ
૨-૮-૦ શા નીઆલચંદ માનચંદ
૨-૮-૦ શેઠ દેવજી જેવંતની કું.
૨-૮-૦ શા વીરજી ડાયાભાઈ
૨-૮-૦ શા ભગવાનજી પરશોતમ
૨-૮-૦ શા લલુભાઇ નથુભાઇ
૨-૮-૦ શેઠ ધરમશી ગોવીંદજી
૨-૮-૦ શા ધરમચંદ ઝવેરચંદ
૨-૮-૦ શા જેઠાલાલ કલાણજી
૨-૮-૦ ઇચ્છાચંદ રંગીલદાસ
૨-૮-૦ શા વાડીલાલ દલસુખરામ
૨-૮-૦ શેઠ રતનજી ખીમજી
૨-૮-૦ શા કુંવરજી આણંદજી
૨-૮-૦ શા ડાયાભાઇ છગનલાલ
૨-૮-૦ શા લખમીચંદ લલુભાઇ
૨-૮-૦ શા મગનલાલ તારાચંદ
૨-૮-૦ શા મોહનલાલ પુંજાભાઇ
૨-૮-૦ શા લખમીચંદ [illegible]
૨-૮-૦ શા ઉતમચંદ ખીમચંદ
૨-૮-૦ શા મદનજી મંગળજી
૨-૮-૦ શા મોકમચંદ સવાઇચંદ
૨-૮-૦ શા ગોકળદાસ ગુલાબચંદ
૨-૮-૦ શેઠ નેમચંદ ભીમચંદ

For Private And Personal Use Only